सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૦–૧૦–૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | ૧૦–૧૦–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૨૯–૦૭–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ – માસ – દિવસ |
| | |

---

**૯ માં અધિક ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ (શ્રી આર. કે. મોઢ)ની કોર્ટ સમક્ષ, મુકામ–ગોંડલ.**

---

**સેશન્સ કેસ નંબરઃ ૪૪/૨૦૨૫**
**આંક–**

**ફરીયાદી :– સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપીઓ :–**

**(૧) સંજયભાઇ સ/ઓ વિનોદભાઇ વાઘેલા**
**ઉ.વ.૩૫, ધંધો–મજુરી,**
**રહે.રામોદ,તા.કોટડા સાંગાણી,જી.રાજકોટ.**

**(૨) વિજયભાઇ સ/ઓ વિનોદભાઇ વાઘેલા**
**ઉ.વ.૨૮, ધંધો–મજુરી,**
**રહે.રામોદ,તા.કોટડા સાંગાણી,જી.રાજકોટ.**

**(૩) વિનોદભાઇ સ/ઓ બચુભાઇ વાઘેલા**
**ઉ.વ.૫૫, ધંધો–મજુરી,**
**રહે.રામોદ,તા.કોટડા સાંગાણી,જી.રાજકોટ.**

**(૪) રસીકભાઇ ઉર્ફે રહેમ વાઘેલા**
**ઉ.વ.૪૦, ધંધો–મજુરી,**
**રહે.રામોદ,તા.કોટડા સાંગાણી,જી.રાજકોટ.**

---

---

**(કોટડા સાંગાણી પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૧૩૦૨૬૨૫૦૦૯૫/ ૨૦૨૫ )**

**(ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૦૮,૫૪,૮૫ મુજબ)**

---

**ફરીયાદી તર્ફે :– વિ.એડી.પી.પી.શ્રી જે.ડી.ચાવડા**

**આરોપી તર્ફે :– વિ.વ.શ્રી જે.ડી.કોચરા.**

---

**ફોર્મ– "એ"**

| ૯ માં અધિક ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રી ની કોર્ટમાં, મુકામ–ગોંડલ. | |
|---|---|
| જજમેન્ટ તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ |
| સેશન્સ કેસ નં. | ૪૪/૨૦૨૫ |
| ગુના રજી. નં. | કોટડા સાંગાણી પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૩૦૨૬૨૫૦૦૯૫/૨૦૨૫ |
| ફરિયાદી. | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે | વિ.એડી.પી.પી.શ્રી જે.ડી.ચાવડા |
| આરોપી | (૧) સંજયભાઇ સ/ઓ વિનોદભાઇ વાઘેલા<br>ઉ.વ.૩૫, ધંધો–મજુરી, રહે.રામોદ, તા.કોટડાસાંગાણી,જી.રાજકોટ.<br>(૨) વિજયભાઇ સ/ઓ વિનોદભાઇ વાઘેલા<br>ઉ.વ.૨૮, ધંધો–મજુરી, રહે.રામોદ,તા.કોટડા સાંગાણી,જી.રાજકોટ.<br>(૩) વિનોદભાઇ સ/ઓ બચુભાઇ વાઘેલા<br>ઉ.વ.૫૫, ધંધો–મજુરી,રહે.રામોદ,તા.કોટડા સાંગાણી,જી.રાજકોટ.<br>(૪) રસીકભાઇ ઉર્ફે રહેમ વાઘેલા<br>ઉ.વ.૪૦, ધંધો–મજુરી,રહે.રામોદ,તા.કોટડા સાંગાણી,જી.રાજકોટ. |
| બચાવપક્ષે | આરોપી તર્ફે – વિ.વ.શ્રી જે.ડી.કોચરા |

## ફોર્મ– "બી"

| | |
|---|---|
| ગુનાની તારીખ | લગ્ન થયા બાદથી બનાવ બન્યાના દિવસ સુધી અવાર નવાર |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૨૪/૦૪/૨૦૨૫ ના કલાક ૧૯:૩૦ વાગ્યે |
| ચાર્જશીટની તારીખ | તા.૧૪/૦૬/૨૦૨૫ |
| પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ | તા.૧૫/૧૧/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ | તા.૨૯/૧૨/૨૦૨૫ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | તા.૧૪/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૨૯/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | ---- |

## આરોપીઓની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધર પકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | બી.એન.એસ.એસ કલમ–૪૬૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંજય ભાઇ વિનોદ ભાઇ વાઘેલા | તા.૨૪/૦૪/૨૦૨૫ | ૩૦/૦૮/૨૦૨૫ | બી.એન.એસ. ની. ની કલમ – ૧૦૮,૫૪, ૮૫ મુજબ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | વિજય ભાઇ વિનોદ ભાઇ વાઘેલા | તા.૨૪/ ૦૪/ ૨૦૨૫ | તા.૦૨ /૦૫/ ૨૦૨૫ | બી.એન.એસ. ની. ની કલમ – ૧૦૮,૫૪, ૮૫ મુજબ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ |
| ૩ | વિનોદ ભાઇ બચુભાઇ વાઘેલા | તા.૨૪/ ૦૪/ ૨૦૨૫ | તા.૦૨ /૦૫/ ૨૦૨૫ | બી.એન.એસ. ની. ની કલમ – ૧૦૮,૫૪, ૮૫ મુજબ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ |
| ૪ | રસીક ભાઇ ઉર્ફે રહેમ બચુ ભાઇ વાઘેલા | તા.૦૬/ ૦૫/ ૨૦૨૫ | તા.૦૬ /૦૫/ ૨૦૨૫ | બી.એન.એસ. ની. ની કલમ – ૧૦૮,૫૪, ૮૫ મુજબ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | આખરી હુકમ મુજબ |

**ફોર્મ– "સી"**

## –: ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી :–

(એ) ફરીયાદપક્ષે રજુ મૌખિક પુરાવો:–

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| PW-1 | ૧૭ | સુરેશભાઇ ગોવિંદભાઇ રાઠોડ | પંચ સાહેદ– બનાવવાળી જગ્યાના પંચ સાહેદ |
| PW-2 | ૧૮ | વશરામભાઇ લખુભાઇ ચાવડીયા | પંચ સાહેદ– બનાવવાળી જગ્યાના પંચ સાહેદ |
| PW-3 | ૧૯ | આસીફ આમનભાઇ કટારીયા | પંચ સાહેદ–ઇન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ |
| PW-4 | ૨૪ | ડો.પ્રતિકકુમાર કમલેશકુમાર જોષી | ડોકટર–મરણજનારની લાશનું પી.એમ.કરનાર ડોકટર |
| PW-5 | ૨૫ | રણજીતભાઇ દેવજીભાઇ ચાડમીયા | ફરીયાદી |

| | | | |
|---|---|---|---|
| PW-6 | ૨૬ | અશોકભાઇ દેવરાજભાઇ ચાડમીયા | સાહેદ–મરણજનારના ભાઇ |
| PW-7 | ૨૭ | કેતનભાઇ વીરજીભાઇ પરમાર | ત.ક.અમલદાર–પોલીસ સાહેદ |

**નોંધ :– નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા Manojbhai Jethabhai Parmar (Rohit) Versus State Of Gujarat, 2025 (0) INSC 1433 ના ચુકાદામાં આપેલ દિશાનિર્દશાનુસાર ઉપરોકત "ફોર્મ–સી"માં દર્શાવેલ સાહેદોની વિગતોમાં પુરાવાનો પ્રકાર પણ દર્શાવેલ છે.**

(બી) બચાવપક્ષે રજુ મૌખિક પુરાવોઃ–

| **ક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| – | કોઈ સાહેદ તપાસેલ નથી. | –––– |

(સી) અદાલત ધ્વારા

| **ક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| – | કોઈ સાહેદ તપાસેલ નથી. | –––– |

## –: ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના દસ્તાવેજી પુરાવાની સુચી :–

(એ) ફરીયાદપક્ષે રજુ દસ્તાવેજી પુરાવોઃ–

| **ક્રમ** | **આંક નંબર** | **વિગત** | **કયા સાહેદના પુરાવામાં રીફર કરેલ છે.** |
|---|---|---|---|
| ૧ | P1 | બનાવવાળી જગ્યાનું પંચનામું | PW-1 |
| ૨ | P2 | ઇન્કવેસ્ટ પંચનામું | PW-3 |
| ૩ | P3 | મરણોતર ફોર્મ | PW-4 |
| ૪ | P4 | વિશેરાનો ફોરવડીંગ લેટર | PW-4 |
| ૫ | P5 | પી.એમ.નોટ | PW-4 |
| ૬ | P6 | ફાઇનલ કોઝ ઓફ ડેથ | PW-4 |
| ૭ | P7 | એફ.એસ.એલ.રીપોર્ટ | PW-4 |
| ૮ | P8 | શ્રીજી હોસ્પીટલે ગુજરનારને મરણ | PW-4 |

| | | | |
|---|---|---|---|
| | | જાહેર કરેલ તે અંગેનો લેટર | |
| ૯ | P9 | ઓ.પી.ડી. કેસ પેપર્સ | PW-4 |
| ૧૦ | P10 | પોલીસ યાદી | PW-4 |
| ૧૧ | P11 | ફરીયાદ | PW-5 |
| ૧૨ | P12 | તપાસનો ડેપ્યુટ હુકમ | PW-7 |
| ૧૩ | P13 | ગુન્હો રજી કરવાનો પત્ર | PW-7 |
| ૧૪ | P14 | સ્થળ પરીક્ષણ અહેવાલ | PW-7 |
| ૧૫ | P15 | મુદ્દામાલ રવાનગી નોંધ | PW-7 |
| ૧૬ | P16 | એફ.એસ.એલ. પહોંચ | PW-7 |

**નોંધ :- નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા Manojbhai Jethabhai Parmar (Rohit) Versus State Of Gujarat, 2025 (0) INSC 1433 ના ચુકાદામાં આપેલ દિશાનિર્દેશાનુસાર ઉપરોકત ટેબલમાં દર્શાવેલ પુરાવાની સામે કયા સાહેદના પુરાવામાં રીફર થયેલ છે તેની વિગતો દર્શાવેલ છે.**

(બી) બચાવપક્ષ ધ્વારા કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(સી) અદાલત ધ્વારા બીજા કોઈ દસ્તાવેજી પુરાવા નોંધવામાં આવેલ નથી.

(ડી) અદાલત ધ્વારા કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી.

**(ઈ) નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા Manojbhai Jethabhai Parmar (Rohit) Versus State Of Gujarat, 2025 (0) INSC 1433 ના ચુકાદામાં આપેલ દિશાનિર્દેશાનુસાર નીચે ટેબલમાં મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલની વિગતો દર્શાવેલ છે.**

| મુ.આ. નં. | મુદ્દામાલનું વર્ણન | કયા સાહેદના પુરાવામાં રીફર કરવામાં આવેલ છે ? |
|---|---|---|
| – | – | – |

## -: : ચૂકાદો : : -

(૧) આ કામના આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૦૮, ૫૪, ૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આક્ષેપ મૂકવામાં આવેલ છે.

(૨) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીની બહેનને પોતાના બારેક વર્ષના લગ્ન જીવન દરમ્યાન સંતાન ન થતા હોવાથી એકબીજાને મદદગારી કરી અવાર નવાર મેણાટોણા મારી મરણજનારને શારીરીક અને માનસીક દુ:ખ ત્રાસ આપી મરવા માટે મજબુર કરતા ફરીયાદીની બહેને પોતાની મેળે ઝેરી દવા પી જતા મરણ જતા ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ હતો. આમ, સદર ઈસમો વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૦૮,૫૪, ૮૫ મુજબના ગુનાનો આક્ષેપ મૂકવામાં આવેલ છે.

(૩) ઉપરોક્ત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં તપાસ એજન્સી દ્વારા જરૂરી અને યોગ્ય તપાસ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૦૮,૫૪, ૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ વિરુદ્ધ  કોટડા સાંગાણીના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજૂ કરેલ, જેને ફોજદારી કેસ નં.૬૬૭/૨૦૨૫ થી નોંધવામાં આવેલ. આરોપીઓ વિરુદ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવાપાત્ર હોઈ, કોટડા સાંગાણીના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.નાએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ અન્વયે ફરીયાદ પક્ષ ના આધારભુત પુરાવાની નકલો આરોપીઓને વિના મૂલ્યે પૂરી પાડી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની અન્ય જોગવાઈઓ સબંધે આરોપીઓના બચાવ અંગે ખાતરી કરી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૨ અન્વયે આ કેસ તા.૧૫/૦૯/૨૦૨૫ ના રોજના હુકમથી ગોંડલના સત્ર ન્યાયાલયમાં કમિટ કરેલ, જેને સેશન્સ કેસ નં.-૪૪/૨૦૨૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૪) આ કામના આરોપીઓ નિયત ઠરાવ તારીખે અદાલત સમક્ષ હાજર થતાં આ પ્રકરણમાં લાગુ પડતી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની જોગવાઈઓનું પાલન થયેલ હોવાની ખાતરી કરી, મારા પુર્વ ન્યાયધિશશ્રી ધ્વારા આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮,૫૪,૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આંક –૦૯ થી તહોમતનામું ફરમાવેલ છે અને આરોપીઓનું નિવેદન આંક–૧૦ થી ૧૩ મુજબ નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ તેમના વિરુદ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

(૫) આરોપીઓ વિરુદ્ધ આંક–૦૯ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે ઉપરોક્ત **ફોર્મ–'સી'** માં જણાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

(૬) ફરિયાદ પક્ષે આંક–૨૮ થી ક્લોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરતાં, બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓએ તેઓના વિશેષ નિવેદનમાં ફરીયાદપક્ષે રજુ સમગ્ર પુરાવાને નકારી કાઢી પોતે  નિર્દોષ હોવાનું તથા કહેવાતો આક્ષેપ મુજબનો કોઇ જ ગુનો આચરેલ ન હોવાનું જણાવેલ છે.

**<u>ફરીયાદપક્ષની દલીલોઃ–</u>**

(૭) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ભારપૂર્વક દલીલો કરી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે. ફરીયાદપક્ષ ધ્વારા પોતાના કેસના સમર્થનમાં કુલ ૭ સાહેદોનો મૌખિક પુરાવો તથા ૧૬ થી વધુ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. ફરીયાદપક્ષે રજુ સાહેદોના પુરાવા ઉપરથી ફરિયાદ પક્ષના કેસની હકીકતને સંપૂર્ણ સમર્થન પ્રાપ્ત થાય છે. તેમજ હાલના આરોપીઓએ આક્ષેપ મુજબનો ગુનો આચરેલ હોવાની હકીકત

નિઃશંકપણે પુરવાર થાય છે. આમ, ફરીયાદપક્ષે રજુ ઉપરોકત તમામ પુરાવા ઉપરથી ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળતુ હોય તેથી આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

**<u>બચાવપક્ષની દલીલોઃ–</u>**

(૮) સદર કામે બચાવપક્ષે વિ.વ.શ્રી જે.ડી.કોચરા ધ્વારા વિગતવાર દલીલો કરી રજુઆત કરેલ છે કે ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધ કરેલ આક્ષેપ નિ:શંકપણે પુરવાર કરવો જરૂરી છે. ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. ફરીયાદ પક્ષે રજુ સાહેદોના પુરાવામાં સાતત્ય નથી. ફરીયાદ પક્ષે રજુ સાહેદોના પુરાવામાં ઘણા વિરોધાભાસ છે. ફરીયાદ પક્ષે કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો પણ રજુ કરેલ નથી, જે સાહેદોનો પુરાવો રજુ કરેલ છે તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. આમ, ફરીયાદ પક્ષ આરોપીઓને ગુના સાથે સાંકળતો કોઈ સીધો અને પ્રત્યક્ષ પુરાવો અથવા તો સાંયોગીક પુરાવો રજુ કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૯) ફરિયાદ પક્ષે રજુ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વ.શ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, હાલના કેસના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>– મુદ્દા –</u>**

૧) શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીના બહેન અરુણાને આ કામના આરોપી નં.૨ સાથેના લગ્ન જીવન દરમ્યાન સંતાન ન થતા હોવાથી, આ કામના આરોપીઓએ મરણજનાર અરુણાબેનને અવાર નવાર મેણા ટોણા મારી, શારીરીક તથા માનસીક ત્રાસ આપી, મરવા મજબુર કરતા ગુજરનારે જાતે દવા પી જતા, મરણ ગયેલ હોય,

ગુન્હામાં એકબીજાની મદદગારી કરેલ હોય જેથી આ કામના આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮,૫૪, ૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

૨) શુ હુકમ ?

(૯.૧) ઉપરોકત મુદ્દાઓ પરત્વે નીચે જણાવેલ કારણોસર મારા તારણો નીચે મુજબ છે.

૧) નકારમાં

૨) આખરી હુકમ મુજબ.

**<u>–: નિર્ણયના કારણો :–</u>**

**<u>–: ફરીયાદપક્ષે રજુ પુરાવાઓનું મુલ્યાંકન :–</u>**

(૧૦) ફરીયાદપક્ષે રજુ પુરાવાની ચર્ચા કરતા અગાઉ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **Bhagwan Jagannath Markad Versus State Of Maharashtra, 2016 AIR(SC) 4531** ના કેસમાં પુરાવાના બોજા સંદર્ભે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેવા જરુરી જણાય છે. સદર ચુકાદાના પેરા ૧૮ માં નીચે મુજબનું અવલોકન કરવામાં આવેલ છે.

> ***18. It is accepted principle of criminal jurisprudence that the burden of proof is always on the prosecution and the accused is presumed to be innocent unless proved guilty. The prosecution has to prove its case beyond reasonable doubt and the accused is entitled to the benet of the reasonable doubt.*** *The reasonable doubt is one which occurs to a prudent and reasonable man. Section 3 of the Evidence Act refers to two conditions - (i) when a person feels absolutely certain of a fact - "believe it to exist" and (ii) when he is not absolutely certain and thinks it so extremely probable that a prudent man would, under the circumstances, act on the assumption of its existence. The doubt which the law contemplates is not of a confused mind but of prudent man who is assumed to possess the capacity to "separate the chaff from the grain". The degree of proof need not reach certainty but must carry a high degree of probability, Vijayee Singh vs. State of U.P.- (1990) 3 SCC 190, Paras18, 28-30*

ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ ફરીયાદપક્ષ દ્વારા પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો જોઈએ અને જો ફરીયાદપક્ષે રજુ પુરાવા પર વ્યાજબી શંકા ઉપસ્થિત થતી હોય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે.

**<u>મુદ્દા નં. ૧ ની ચર્ચા :–</u>**

(૧૧) સદર કામે ફરીયાદપક્ષે રજુ પુરાવાની ચર્ચા કરતા અગાઉ ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીઓ વિરૂદ્ધ કરેલ આક્ષેપ ધ્યાને લેતાં હાલના આરોપીઓએ ફરીયાદીની બહેનને પોતાના બારેક વર્ષના લગ્ન જીવન દરમ્યાન સંતાન ન થતા હોવાથી એકબીજાએ મદદગારી કરી અવાર નવાર મેણાટોણા મારી શારીરીક અને માનસીક દુઃખ ત્રાસ આપી મરવા માટે મજબુર કરતા ફરીયાદીની બહેને પોતાની મેળે ઝેરી દવા પી જતા મરણ જતા ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ છે. જે સબબ ફરીયાદ પક્ષે રજુ પુરાવાનું મુલ્યાંકન કરતા નીચે મુજબ છે.

(૧૨) વધુમાં, ફરીયાદ પક્ષે કરેલ આક્ષેપ ધ્યાને લેતા સૌપ્રથમ ફરીયાદ પક્ષે રજુ પુરાવાની ચર્ચા કરતા પહેલા ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૦૮, ૫૪ તથા ૮૫ની જોગવાઇનો સંદર્ભ લેવો જરૂરી છે જે જોગવાઇ નીચે મુજબ છે.

**SECTION 108 Of B.N.S : Abetment of suicide:-**

If any person commits suicide, whoever abets the commission of such suicide, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine.

**SECTION 54 Of B.N.S : Abettor present when offence is committed:-**

Whenever any person, who is absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

**SECTION 85 Of B.N.S : Husband or relative of husband of a woman subjecting her to cruelty:-**

Whoever, being the husband or the relative of the husband of a woman, subjects such woman to cruelty shall be punished with imprisonment for a term which may extend to three years and shall also be liable to fine.

(૧૩) નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ઉપરોકત **Bhagwan Jagannath Markad (supra)** ના ચુકાદામાં પુરાવાના મુલ્યાંકન બાબતે પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને રાખી હાલના કામે રજુ પુરાવાનું મુલ્યાંકન કરતા ફરીયાદ પક્ષે તપાસેલા સાહેદોમાં મુળ ફરીયાદી રણજીતભાઈ દેવરાજભાઈ ચાડમીયાનો પુરાવો આંક-૨૫ થી સાહેદ નં.૫ તરીકે રજુ કરેલ છે. જેઓનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ત્રણ ભાઈઓ છે તથા એક બહેન અરુણાબેન છે જેઓ આ કામના ગુજરનાર છે. તેઓની બહેનના લગ્ન આશરે ૧૩ વર્ષ પહેલા રામોદ રહેતા વિનોદભાઈના દિકરા સંજય સાથે થયેલા. તેઓની બહેન તથા બનેવીને સામાન્ય બોલાચાલી થયેલી જેથી તેણીએ દવા પીધેલી હતી. બનાવની ફરીયાદ તેઓએ કરેલ હતી. તેઓએ ફાઈલમાંથી અસલ ફરીયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક-P1 થી રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદની બચાવ પક્ષે લેવાયેલ ઉલટતપાસમાં તેઓની બહેન અરુણાના લગ્નનો સમયગાળો ૧૩ વર્ષનો હતો અને તેઓની બહેન તથા બનેવીનું લગ્નજીવન સારુ ચાલતુ હતુ. વધુમાં તેઓની બહેન અને બનેવી લગ્ન વખતથી જ જુદા રહેતા હતા અને તેઓની બહેન અરુણાને ડાયાબીટીસની બીમારી હતી અને આ બીમારીના કારણે તેણીએ જાતે જ દવા પીધેલ હોવાની હકિકત કબુલ રાખેલ છે. વધુમાં એ હકિકત સ્વીકારે છે કે પોલીસે જાતે ફરીયાદ લખી લીધેલ તેઓએ ફકત સહી જ કરેલ હતી તેમજ પોલીસે તેઓને આ લખાણ વંચાવેલુ નહી. સદર ફરીયાદી ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સદર ફરીયાદીને ફરી ગયેલા સાહેદ જાહેર કરી અદાલતની પુર્વ પરવાનગી લઈ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં

તેમજ વિગતવારની ઉલટતપાસ કરવા છતા ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષ ધ્વારા તેઓના કેસના સમર્થનમાં સાહેદ નં.૬ તરીકે આંક–૨૬ થી અશોકભાઇ દેવરાજભાઇ ચાડમીયાનો પુરાવો રજુ કરેલ છે. સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓ ત્રણ ભાઈઓ છે તથા એક બહેન અરુણાબેન છે જેઓ આ કામના ગુજરનાર છે. તેઓની બહેનના લગ્ન આશરે ૧૩ વર્ષ પહેલા રામોદ રહેતા વિનોદભાઈના દિકરા સંજય સાથે થયેલા. તેઓની બહેન તથા બનેવીને સામાન્ય બોલાચાલી થયેલી જેથી તેણીએ દવા પીધેલી હતી. બનાવની ફરીયાદ તેઓના ભાઇ રણજીતે કરેલ હતી. પોલીસે તેઓની પુછપરછ કરેલ હતી. તેમજ આ કામના આરોપીઓ તેઓની બહેનના સાસરીયાપક્ષના હોય જેથી તેઓ ઓળખી બતાવે છે. સદર સાહેદ ધ્વારા બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકાર કરેલ છે કે, તેઓની બહેન અરુણાના લગ્નનો સમયગાળો ૧૩ વર્ષનો હતો અને તેઓની બહેન તથા બનેવીનું લગ્નજીવન સારુ ચાલતુ હતુ. વધુમાં તેઓની બહેન અને બનેવી લગ્ન વખતથી જ જુદા રહેતા હતા અને તેઓની બહેન અરુણાને ડાયાબીટીસની બીમારી હતી અને આ બીમારીના કારણે તેણીએ જાતે જ દવા પીધેલ હોવાની હકિકત કબુલ રાખેલ છે. તેમજ એ હકિકત કબુલ રાખેલ છે કે પોલીસે જાતે નિવેદન લખી લીધેલ અને પોલીસે તેઓને આ લખાણ વંચાવેલ નહી. આમ, ફરીયાદ પક્ષે રજુ સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓ ધ્વારા ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી. સદર સાહેદો ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરી અદાલતની પુર્વ પરવાનગી લઈ સાહેદની વિગતવાર ઉલટતપાસ કરવા છતા ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન થાય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૧૩.૧) આમ, બંને સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં સાહેદ નં.૫ બનાવના ફરીયાદી છે અને મરણજનારના ભાઇ છે તેમજ સાહેદ નં. ૬ પણ મરણજનારના ભાઇ છે. જેઓ બંન્ને ધ્વારા ફરીયાદ પક્ષના

કેસની હકીકતની સમર્થન કરે તેવો કોઇ પુરાવો આપેલ નથી તથા સદર બંને સાહેદોના પુરાવા પરથી તેઓની બહેન તથા બનેવીને સામાન્ય બોલાચાલી થયેલ હતી જેથી મરણજનારે દવા પીધેલ હતી. આમ, સદર પુરાવા પરથી તેઓની બહેન તથા બનેવી લગ્ન વખતથી જુદા રહેતા હતા અને તેઓની બહેન અરુણાને ડાયાબીટીસની બીમારી હતી અને આ બીમારીના કારણે તેણીએ જાતે જ દવા પીધેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે પરંતુ આક્ષેપ મુજબ આ કામના આરોપીઓએ મરણજનારને મેણા ટોણા મારી, શારીરીક તથા માનસીક ત્રાસ આપી મરવા મજબુર કરેલ હોવાની હકિકત રેકર્ડ પર આવતી નથી તેથી વિશેષ ફરીયાદી કે જેઓ ભોગબનનારના ભાઇ છે તેઓએ આક્ષેપ મુજબનો બનાવ બનેલ હોવાની હકીકતને નકારી કાઢેલ છે. જેથી સદર સાહેદોના પુરાવા પરથી ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબનો બનાવ બનેલ હોવાનું પુરવાર થતું નથી.

(૧૪) વધુમાં ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા ફરીયાદ પક્ષ દ્વારા આંક–P1 થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ કરી, સદર પંચનામાના સાહેદો સુરેશભાઇ ગોવિંદભાઇ રાઠોડ નાઓને આંક–૧૭ થી સાહેદ નં.૧ તરીકે તપાસેલ છે તથા અન્ય પંચ સાહેદ વશરામભાઇ લખુભાઇ ચાવડીયા નાઓને આંક–૧૮ થી સાહેદ નં.ર તરીકે તપાસેલ છે સદર બંન્ને પંચ સાહેદો દ્વારા આંક–P1 થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે પરંતુ તેઓની હાજરીમાં કોઇ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ ન હોવાનું જણાવેલ છે તથા પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનું જણાવતા તેઓએ સહી કરેલ હોવાનું જણાવેલ છે. આમ, સદર પંચ સાહેદો દ્વારા આંક–P1 થી રજુ પંચનામાની હકિકતોને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. સદર બંન્ને પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રી દ્વારા સદર સાહેદોને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી લઇ વિગતવારની ઉલટતપાસ કરવા છતા

ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન પ્રાપ્ત થાય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૫) તદઉપરાંત ફરીયાદ પક્ષ દ્વારા આંક–P2 થી ઇન્કવેસ્ટ પંચનામું રજુ કરેલ છે સદર પંચનામાના પંચ સાહેદ પૈકી પંચ સાહેદ આસીફ આમનભાઇ કટારીયા નાઓનો પુરાવો આંક–૧૯ થી સાહેદ નં.૩ તરીકે રજુ કરેલ છે. સદર સાહેદનો અદાલત રૂબરૂનો મૌખીક પુરાવો ધ્યાને લેતા તેઓ પોતાના મીત્રને ગોંડલ સીવીલ હોસ્પીટલ લઇ ગયેલ હતો ત્યાં પોલીસે સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ હોવાનું જણાવેલ છે તેમજ તેઓની હાજરીમાં કોઇ લાશનું પંચનામું કરવામાં આવેલ ન હોવાની હકિકત જણાવેલ છે. સદર સાહેદ દ્વારા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સીવાય અન્ય કોઇ રીતે પંચનામાની હકિકતોને સમર્થન કરેલ નથી. સદર સાહેદને ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રી દ્વારા સદર સાહેદોને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી લઇ વિગતવારની ઉલટતપાસ કરવા છતા ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન પ્રાપ્ત થાય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૬) વધુમાં ફરીયાદપક્ષ દ્વારા પોતાના કેસના સમર્થનમાં ડો.પ્રતિકકુમાર કમલેશકુમાર જોષી નાઓનો પુરાવો આંક–૨૪ થી સાહેદ નં.૪ તરીકે રજુ કરેલ છે. સદર સાહેદ મરણજનારનું શબ પરીક્ષણ કરનાર તબીબી સાહેદ છે જેઓ દ્વારા અદાલત રૂબરૂના પુરાવામાં મરણજનારનું શબ પરીક્ષણ કરેલ હોવાની હકિકત જણાવી મરણજનારની શરીર સ્થીતી તથા મરણજનારનું મોતનું સંભવીત કારણ જણાવેલ છે. સદર સાહેદના જણાવ્યા મુજબ મરણજનારનું મોતનું સંભવીત કારણ કોઇ ઝેરી દવાની અસરના લીધે હદય ને ફેફસા બેસી ગયેલ હોવાનું જણાવેલ છે તથા વિશેરાનો રીપોર્ટ આવ્યા બાદ તેમાં એલ્યુમીનીયમ ફોસ્ફાઇડ નામના ઝેરની હાજરી હોવાનું

માલુમ પડેલ હોવાનું જણાવેલ છે. વધુમાં સદર સાહેદે અદાલત રૂબરૂના પુરાવામાં અસલ મરણોતર ફોર્મ આંક–P3 થી, વિશેરાનો ફોરવડીંગ લેટર આંક–P4 થી, શબ પરીક્ષણ અહેવાલ આંક–P5 થી, ફાઇનલ કોઝ ઓફ ડેથ આંક–P6 થી,એફ.એસ.એલ. રીપોર્ટ આંક–P7 થી, શ્રીજી હોસ્પીટલ દ્ધારા ગુજરનારને મરણ ગયેલ જાહેર કરેલ તે અંગેનો લેટર આંક–P8 થી, ઓ.પી.ડી. કેસ પેપર્સ આંક–P9 થી તથા પોલીસ યાદી આંક–P10 થી રજુ કરેલ છે. સદર સાહેદનો મૌખીક પુરાવો તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા મરણજનાર અરુણાબેન સંજયકુમાર વાઘેલા નાઓનું મૃત્યુ ઝેરી દવાની અરસને લીધે હૃદય અને ફેફસા બેસી જવાના કારણે થયેલ હોવાનું જણાય છે. તેમજ સદર હકિકતને સદર સાહેદ દ્ધારા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળે છે જેથી સદર સાહેદના પુરાવાથી મરણજનારનું મૃત્યુ એલ્યુમીનીયમ ફોસ્ફાઇડ નામના ઝેરની હાજરીથી થયેલ હોવાનું અત્રેની અદાલતનું માનવું છે.

(૧૭) વધુમાં ફરીયાદપક્ષ દ્ધારા સદર કેસના સમર્થનમાં આંક–૨૭ થી કેતનભાઇ વિરજીભાઇ પરમાર નાઓને અદાલત રૂબરૂનો પુરાવો રજુ કરેલ છે. સદર સાહેદ તપાસ કરનાર અમલદાર છે. તેઓ દ્ધારા અદાલત રૂબરૂના પુરાવો રજુ કરેલ છે. તેમજ આંક–P11 વાળી ફરીયાદ, આંક–P2 વાળુ ઇન્કવેસ્ટ પંચનામું તથા આંક–P1 વાળુ સ્થાનીક જગ્યાનું પંચનામું ઓળખી બતાવેલ છે. તદઉપરાંત પોતાના પુરાવા દરમ્યાન આંક–P12 થી રજુ તપાસનો ડેપ્યુટ હુકમ, આંક–P13 થી રજુ ગુન્હો રજી કરવાનો પત્ર, આંક–P14 થી સ્થળ પરીક્ષણ અહેવાલ, આંક–P15 થી મુદ્ધામાલ રવાનગી નોંધ તથા આંક–P16 થી એફ.એસ.એલ.ની પહોંચ તેઓએ તપાસના કામે મળેલ હોવાનું જણાવી રજુ કરેલ છે. સદર સાહેદની બચાવપક્ષની લીધેલ ઉલટતપાસમાં સદર સાહેદને કરવામાં આવેલ તમામ સુચનો નકારી કાઢવામાં આવેલ છે.

(૧૮) ફરીયાદપક્ષે રજુ તામમ સાહેદોનો મૌખીક પુરાવો તેમજ તમામ દસ્તાવેજી પુરાવો સંયુકત રીતે વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષ દ્વારા મહત્વનો આક્ષેપ એવો છે કે આરોપીઓના શારીરીક અને માનસીક ત્રાસના કારણે તથા તેઓના લગ્ન જીવન દરમ્યાન સંતાન થતુ ન હોવાથી તે અંગે આરોપીઓ દ્વારા અવાર નવાર મેણાટોણા મારી શારીરીક તથા માનસીક ત્રાસ આપી આત્મહત્યા કરવા દુષ્પ્રેરણ કરતા મરણજનાર પાસે અન્ય કોઈ વિકલ્પ ન રહેતા તેઓ દ્વારા ઝેરી દવા પી જઈ મરણ ગયેલ છે અને તમામ આરોપીઓએ સદરહું ગુન્હો આચરવામાં એકબીજાની મદદગારી કરેલ છે. પરંતુ ફરીયાદપક્ષે રજુ સાહેદ નં.પ તથા ૬ કે જેઓ મરણજનાર અરુણાબેનના સગા ભાઈઓ છે જેઓ દ્વારા પોતાના અદાલત રૂબરૂના પુરાવામાં તેણીની બહેન એટલે કે મરણજનાર અરુણાબેન તથા તેઓના બનેવી એટલે કે આરોપી સંજયભાઇ નાઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થવાથી મરણજનારે દવા પી લીધેલ હોવાની હકિકત જણાવેલ છે. તેમજ સદર સાહેદોની બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં તેઓની બહેન તથા બનેવીનું લગ્ન જીવન સારુ ચાલતુ હોવાનું તેમજ તેઓની બહેન અને બનેવી લગ્ન વખતથી જુદા રહેતા હોવાનું સ્વીકારેલ છે તથા તેઓની બહેનને ડાયાબીટીસની બીમારી હોવાના કારણે તેણીએ જાતે જ દવા પી લીધેલ હોવાની હકિકત સ્વીકારેલ છે. આમ, સદર બંન્ને સાહેદોના પુરાવાથી હાલના આરોપીઓ દ્વારા મરણજનારને કોઈ પણ પ્રકારે શારીરીક કે માનસીક ત્રાસ આપેલ હોય કે આત્મહત્યા કરવા દુષ્પ્રેરણ કરેલ હોય તેવી હકિકત રેકર્ડ ઉપર આવતી નથી. ફરીયાદપક્ષે તપાસેલ પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકિકતને કોઈ રીતે સમર્થન પ્રાપ્ત થતુ નથી. માત્ર ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ નં.૪ તબીબી સાહેદના પુરાવાથી મરણજનાર દ્વારા એલ્યુમીનીયમ ફોસ્ફાઈડ નામનું ઝેર ખાઈ લીધેલ હોય તેનાથી મરણ ગયેલ હોવાનું રેકર્ડ ઉપર આવે છે. આમ, સમગ્ર પુરાવો સંયુકતપણે વંચાણે લેતા મરણજનાર દ્વારા ઝેરી દવા પી લીધેલ હોવાની હકિકત પુરવાર થાય

છે. પરંતુ મરણજનારે આરોપીઓના શારીરીક અને માનસીક ત્રાસના કારણે આપઘાત કરેલ હોય તેવી હકિકત પુરવાર થતી નથી. તદઉપરાંત આરોપીઓ દ્વારા કોઇ પણ પ્રકારે મરણજનારને શારીરીક માનસીક ત્રાસ આપેલ હોય તેવી હકિકત પુરવાર થતી નથી.

(૧૯) વધુમાં ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા મરણજનાર તથા આરોપીનું લગ્નજીવન ૧૩ વર્ષનું હતુ એટલે કે ૭ વર્ષથી વધુ સમયનું હતુ જેથી હાલના કામે ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૧૩(એ) મુજબનું અનુમાન લાગુ પડતુ નથી. ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ તથા ફરીયાદપક્ષના કેસની હકિકત ધ્યાને લેતા મરણજનારનું મૃત્યુ તેઓએ આપઘાત કરી લીધેલ તે કારણોસર થયેલ હોવાનું જણાય છે પરંતુ મરણજનારે સદર આપઘાત આરોપીઓ દ્વારા આક્ષેપ મુજબના શારીરીક માનસીક ત્રાસ આપવાના તથા તે કારણે થયેલ દુષ્પ્રેરણ ના કારણે કરેલ હોય તથા મરણજનારને આપઘાત કરવા સીવાય કોઇ જ વિકલ્પ બચેલ ન હોય તેવી કોઇ હકિકત ફલીત થતી નથી.

(૨૦) વધુમાં આ તબકકે નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા **Pinakin Mahipatray Rawal vs State Of Gujarat 2013(10) SCC 48** ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાતો તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા **State Of Gujarat vs Mansukhlal Jivanlal Bhatt 2016 GLR 872 તેમજ Indrasing M. Raol vs State Of Gujarat 1999(3) GLR 2536** ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંતો ધ્યાને લેતા સદર ચુકાદાઓમાં અવલોકન કરવામાં આવેલ છે કે, આરોપીઓ વિરૂદ્ધ ઇ.પી.કો. કલમ –૩૦૬ હેઠળનો ગુન્હો પુરવાર કરવા સારુ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૩(એ) ના અનુમાનોનો લાભ મેળવવા માટે મરણજનાર દ્વારા લગ્નના ૭ વર્ષ દરમ્યાન આપઘાત કરેલ હોવાનું અને આ આપઘાત મરણજનારના પતિ અને પતિના સગા વ્હાલાઓના ત્રાસના કારણે કરેલ હોવાનું પુરવાર કરવુ જરૂરી છે.

વધુમાં ઇ.પી.કો.કલમ–૩૦૬ હેઠળનો ગુન્હો પુરવાર કરવા માટે આરોપીઓ દ્ધારા મરણજનારને શારીરીક તથા માનસીક ત્રાસ એ હદ સુધી આપેલ હોવો જોઇએ કે સ્ત્રી પાસે પોતાના શરીરને અથવા શરીરના અવયવોને નુકશાન કરવા અથવા તો મૃત્યુ સીવાય અન્ય કોઈ વિકલ્પ ન રહે અને આપધાત કરવા માટે પ્રેરાય. વધુમાં એ હકિકત પુરવાર થવી જોઇએ કે આ ત્રાસ સતત હતો અને એકાદ બનાવથી ત્રાસ કહી શકાય નહી. તદઉપરાંત આપધાત કર્યાના તરત પહેલા આવો ત્રાસ આપેલ હોવો જોઇએ. આવા સંજોગોમાં માત્ર અનુમાનના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. પરંતુ ફરીયાદપક્ષ તરફે તેવી હકીકત સબળ અને સાતત્યસભર પુરાવાથી પુરવાર કરવામાં આવે ત્યારબાદ જ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય.

(૨૧) પ્રસ્તુત કેસમાં મરણજનારને આરોપીઓના આક્ષેપ મુજબ કોઇ શારીરીક કે માનસીક ત્રાસ કે યાતના આપેલ હોવાનું પુરવાર થતુ નથી જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધના આક્ષેપીત ગુન્હો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેવુ અત્રેની અદાલતનું માનવું છે.

(૨૨) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ આરોપીઓ સામે ફરમાવેલ આંક–૦૯ મુજબના તહોમતનામા મુજબ આક્ષેપીત ગુનો સબળ, પર્યાપ્ત, સાતત્ય સભર અને વિશ્વસનીય પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરીયાદ પક્ષના પુરાવા ઉપર નિવારણ ન થઇ શકે તેવી ઉભી થતી શંકાનો લાભ આરોપીઓને મળવાપાત્ર થાય છે. પ્રસ્તુત કેસમાં પણ આક્ષેપ મુજબ આરોપીઓ વિરૂધ્ધનો ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮,૫૪,૮૫ મુજબનું તહોમત નિ:શંકપણે ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય તે મુજબ મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – આખરી હુકમ –

(૧) સદર કામના આરોપી નં. **(૧) સંજયભાઇ સ/ઓ વિનોદભાઇ વાઘેલા,ઉ.વ.૩૫, ધંધો–મજુરી, રહે.રામોદ,તા.કોટડા સાંગાણી, જી.રાજકોટ. તથા આરોપી નં. (૨) વિજયભાઇ સ/ઓ વિનોદભાઇ વાઘેલા, ઉ.વ.૨૮, ધંધો–મજુરી,રહે.રામોદ,તા.કોટડા સાંગાણી, જી.રાજકોટ. તથા આરોપી નં. (૩) વિનોદભાઇ સ/ઓ બચુભાઇ વાઘેલા, ઉ.વ.૫૫, ધંધો–મજુરી, રહે.રામોદ,તા.કોટડા સાંગાણી, જી.રાજકોટ.તથા આરોપી નં.(૪) રસીકભાઇ ઉર્ફે રહેમ વાઘેલા, ઉ.વ.૪૦,ધંધો–મજુરી, રહે.રામોદ,તા.કોટડા સાંગાણી, જી.રાજકોટ** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૫૮(૧) અન્વયે કોટડા સાંગાણી પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૨૧૩૦૨૬૨૫ ૦૦૯૫/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૦૮,૫૪,૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ ન હોય જેથી મુદ્દામાલ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૩) દરેક આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ ની જોગવાઇ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવાની ખાતરી સબબ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા. આ જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

હુકમ આજ રોજ **તા.૨૯મી, માહે. જુલાઇ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૯.૦૭.૨૦૨૬.**
**ગોંડલ.**

**( રીતેશકુમાર કાન્તીલાલ મોઢ )**
**૯ માં અધિક સેશન્સ જજ,**
**ગોંડલ, જી.રાજકોટ.**
**(GJ00825)**